માનવજીવનનું ઝવેરાત 2063
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવજીવનનું ઝવેરાત

મુકુલભાઈ કલાર્થી

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

૮૦ ગ
૩૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या.....

पञ्जिका संख्या.....

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ પુ૦-૮૨

માનવજીવનનું ઝવેરાત

શાક પ્રમાણીકરણ ૧૯૮૪-૧૯૮૫

મુકુલભાઈ કલાર્થી





ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪
મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

સર્વ હક ગૂજરાત વિદ્યાપીઠને સ્વાધીન છે

પહેલી આવૃત્તિ, પ્રત ૫,૦૦૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ–૧૪

છ આના એપ્રિલ, ૧૯૫૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

શ્રી મુકુલભાઈએ 'લોકજીવન'માં લખેલા, માનવ-ગુણો વિષેના દૃષ્ટાંતોનો આ સંગ્રહ છે. નાનાં મોટાં સૌને તે ગમે એવા છે.

દૃષ્ટાંતો બોધક હોવાની સાથે રુચિકર અને રસિક પણ છે. તેથી તે વાંચતાં થાક નહીં લાગે તેની સાથે કંટાળો પણ નહીં આવે. ઝવેરાતની દુકાનમાં નમૂના જોતાં કોઈને થાક લાગે ખરો? તેવું આ માનવજીવનના ઝવેરાતનું પણ છે.

આપણું સાચું ઝવેરાત જીવનના કુશળ ધર્મો કે લક્ષણો યા સદ્‌ગુણો છે; સંસારનાં વિવિધ માનવરત્નોની જીવનકથામાં પડેલા અખૂટ ઝવેરાતમાંથી વીણીને ૩૫ ચીજો અહીં મૂકવામાં આવી છે. તેની આ મર્યાદા મૂકવાનું કારણ માત્ર એટલું જ છે કે, ચોપડી ૪૮ પાનથી વધે નહીં. આ ચોપડી, સમાજશિક્ષણ માટે સાહિત્યને ઉત્તેજન આપવાની સરકારી યોજનાની રૂએ, રચવામાં આવી છે અને તેનો નિયમ ૪૮ પાનના કદનો છે. બાકી આ પ્રકારનું ઝવેરાત પણ માનવરત્નાકરના ઊંડાણમાં જોઈએ તેટલું પડ્યું છે; તેમાં કુશળ વીણનારા જોઈએ.

૧૧-૪-'૫૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રકાશકનું નિવેદન	૩	૧૮. સ્ત્રીનું સાચું ઝવેરાત	૨૪
૧. અસ્પૃશ્યતા અને સ્વરાજ્ય	૫	૧૯. 'પરસ્ત્રી જેને માત રે'	૨૫
૨. ઈમાનદાર	૬	૨૦. જનનીનો હક	૨૬
૩. સર્જકનું બિરદ	૭	૨૧. ભારતની કીર્તિ	૨૭
૪. રાજા અને પ્રજા	૮	૨૨. દેશપ્રેમ	૨૮
૫. ક્ષમા અને વિનોદ	૯	૨૩. રાજ્યકર્તાની ફરજ	૨૯
૬. માનવ સમાનતા	૧૦	૨૪. કુશળતાની કસોટી	૨૯
૭. સત્યનિષ્ઠા	૧૧	૨૫. કરુણા	૩૧
૮. ઉદારતા	૧૨	૨૬. સાચી સંપત્તિ	૩૩
૯. પાત્રતા	૧૩	૨૭. શ્રમ અને શ્રીમંતાઈ	૩૭
૧૦. શરીરરક્ષા	૧૫	૨૮. અજાતશત્રુતા	૩૮
૧૧. સ્વાર્થ અને સેવા	૧૬	૨૯. સ્વ–પર–ભાવ !	૩૯
૧૨. પુરુષાર્થ	૧૭	૩૦. સાચી પ્રભુભક્તિ	૪૧
૧૩. સમયપાલન–૧	૧૯	૩૧. સાધુનું લક્ષણ	૪૩
૧૪. સમયપાલન–૨	૨૦	૩૨. એકાગ્રતા	૪૪
૧૫. ગુણજ્ઞતા	૨૧	૩૩. સચ્ચાઈ	૪૫
૧૬. રાષ્ટ્રની મહાનતા	૨૨	૩૪. ગુરુ-ઋણ	૪૭
૧૭. ક્ષમા	૨૩	૩૫. ધન્યતા	૪૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

અસ્પૃશ્યતા અને સ્વરાજ્ય

૧૯૨૧ની આ વાત છે. અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના થઈ ગઈ હતી. એક દિવસ વિદ્યાપીઠના નિયામક મંડળની બેઠક હતી. તેમાં દીનબંધુ એન્ડ્રૂઝ પણ આવ્યા હતા. તેમણે પૂછ્યું : "વિદ્યાપીઠમાં હરિજનોને દાખલ કરવામાં આવશે ને ?"

શ્રી. કાકાસાહેબ કાલેલકરે જવાબમાં કહ્યું : "હા, હરિજનોને દાખલ કરવામાં આવશે."

પરંતુ નિયામક મંડળમાં એવા લોકો હતા, જેમની આવું કરવાની તૈયારી નહોતી. એ અંગે ચર્ચા થવા લાગી. છેવટે બાપુજીને પૂછવામાં આવ્યું, ત્યારે બાપુજીએ પણ શ્રી. કાકાસાહેબે આપ્યો હતો તેવો જ જવાબ આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી આખા ગુજરાતમાં આ વાત ચર્ચાનો વિષય થઈ પડી. મુંબઈના કેટલાક ધનવાન વૈષ્ણવોએ બાપુજી પાસે આવીને કહ્યું : "બાપુ, રાષ્ટ્રીય કેળવણીનું કાર્ય એ ધર્મકાર્ય છે. એમાં આપ કહો તેટલા પૈસા અમે આપવા માગીએ છીએ. પણ આ હરિજનોનો સવાલ આપ છોડી દો. એ અમારાથી સમજાતો નથી!"

એ લોકો પાંચ સાત લાખ રૂપિયા આપવાનો વિચાર કરીને આવ્યા હતા.

બાપુજીએ શાંત અવાજે કહ્યું : "વિદ્યાપીઠ ફંડની વાત તો બાજુએ રાખો; અસ્પૃશ્યતા કાયમ રાખવાની શરતે મને કાલે કોઈ હિંદુસ્તાનનું સ્વરાજ્ય આપે તો તે સુધ્ધાં મને ન ખપે!"

૨

ઈમાનદાર

કોઈએ હજરત મહંમદ પેગંબર સાહેબને પૂછ્યું : "હજરત, ઈમાનદાર કોણ કહેવાય?"

પેગંબર સાહેબ બોલ્યા : "જે તમને કોઈ સારું કામ કરતાં ખુશી થાય અને ખરાબ કામ કરતાં દિલમાં દુઃખ થાય, તો જાણો કે તમે ઈમાનદાર છો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

સર્જકનું બિરદ



આપણા મહાકવિ પ્રેમાનંદ વિષે એક વાત જાણીતી છે. પ્રેમાનંદની આર્થિક સ્થિતિ નબળી હતી. તેથી તેમના મિત્રો તેમને અવારનવાર મદદ કરતા. એમ કહેવાય છે કે, એક વાર તેમના આશ્રયદાતા મિત્ર રઘુનાથ પારેખે પ્રેમાનંદને કહ્યું : "કવિ, તમે મારે માટે કાંઈ કવિતા કરો તો ઠીક."

મહાકવિ પ્રેમાનંદે મક્કમતાથી કહ્યું : "કવિતાનું ખરું પાત્ર તો ઈશ્વર જ છે. માટે ઈશ્વર સિવાય કોઈની પણ હું સ્તુતિ કરતો નથી."

શેઠે કહ્યું : "તો પછી તમે નરસિંહ મહેતાની કવિતા કેમ કરી?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમાનંદે કહ્યું : "નરસિંહ મહેતા સંબંધે જે જે કવિતા મેં રચી છે, તે માત્ર ઈશ્વરનો મહિમા ગાવા માટે છે. તમે જો એ કવિતા વિચારીને વાંચશો તો મારું કહેવું તમને ખરું લાગ્યા વિના રહેશે નહીં."

૪

રાજા અને પ્રજા

એક વાર હજરત ઉમર સાહેબને મળવા કેટલાક માણસો આવ્યા. તે વખતે ઉમર સાહેબ આસપાસ શોધા-શોધ કરી રહ્યા હતા. ઉમર સાહેબે માણસોને આવેલા જોઈને કહ્યું : "ભાઈઓ, તમે મને મદદ કરવા મહેર-બાની કરો. આપણા રાજ્યની માલિકીનું એક ઊંટ કયાંક નાસી ગયું છે. એક ઊંટમાં કેટલા ગરીબ માણસોનો હક શામિલ છે એ તમે જાણો જ છો."

આ સાંભળીને માણસો નવાઈ પામી બોલ્યા : "અરે હજરત સાહેબ, આવું તે કંઈ આપને શોભે? આપના ગુલામોને હુકમ કરશો તો તેઓ તરત જ ખોવાયેલા ઊંટને શોધી કાઢશે. આપ શા માટે આવી તકલીફ ઉઠાવો છો?"

હજરત ઉમર સાહેબ નમ્રતાથી બોલ્યા : "ભાઈઓ, મારાથી ચડે એવો આપણા રાજ્યનો ગુલામ બીજો કોણ હોઈ શકે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

ક્ષમા અને વિનોદ



ગ્રીસ દેશના જાણીતા ફિલસૂફ સૉક્રેટીસ લોકો વચ્ચે જઈને તેઓને સારી સારી વાતો કહેતા હતા. તેમની બોધદાયક વાતો જૂના વિચારના લોકોને તેમ જ તેમના વિરોધીઓને બહુ ગમતી નહીં. તેથી તેઓ સૉક્રેટીસનું ઘણી વાર છેડેચોક અપમાન કરતા.

એક વાર સૉક્રેટીસ બજાર વચ્ચે કેટલાક લોકો સાથે વાદવિવાદ કરતા હતા. આથી તેમનો એક વિરોધી ચિડાઈ ગયો અને તેણે બધાની વચ્ચે સૉક્રેટીસને જોરથી લાત મારી! પરંતુ સૉક્રેટીસ તો પહેલાંના જેટલી જ સ્વસ્થતાથી પોતાની વાત સમજાવતા રહ્યા.

વાતચીત પૂરી થયા પછી તે પોતાને ઘેર ગયા. હવે આ બનાવની ખબર તેમના એક મિત્રને પડી. એટલે તે સૉક્રેટીસને ત્યાં આવ્યો અને કહેવા લાગ્યો:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સૉક્રેટીસ, તમે વધારેપડતા સહનશીલ બની જાઓ છો! એવા લોકોને તો તે જ ઘડીએ સીધાદોર કરી દેવા જોઈએ, જથી બીજી વાર આપણું નામ લેવાનું તેઓ ભૂલી જાય."

આ સાંભળીને સૉક્રેટીસ હસતા હસતા બોલ્યા: "દોસ્ત, ધારો કે મને કોઈ ગધેડાએ લાત મારી હોત, તો શું હું સામેથી એના જેવું વર્તન કરું, એમ તમે ઇચ્છો ખરા?"

૬

માનવ સમાનતા

રામતનુ લાહિડી નામના એક સજ્જન બંગાળામાં થઈ ગયા. તે મોટા વિદ્વાન તેમ જ સત્યનિષ્ઠ હતા.

એક વાર તેમના ઘરમાંથી એક વસ્તુ ગુમ થઈ. તેમને થયું, 'જરૂર, ઘરના નોકરે જ એ વસ્તુ ચોરી હશે!'

હવે બીજે દિવસે તેમને એ વસ્તુ ઘરમાંથી જ જડી આવી! એટલે રામતનુબાબુને તરત જ પોતે કરેલા અપરાધનો ખ્યાલ આવ્યો. એટલે નોકર ઉપર નિષ્કારણ અવિશ્વાસ લાવીને કરેલા અપરાધની માફી માગ્યા વિના તેમને શી રીતે ચેન પડે? તેમણે નોકરને બોલાવ્યો અને બધી વાત જણાવીને કહ્યું: "મેં તારા ઉપર ગેરવાજબી રીતે શંકા કરી હતી, એ માટે હું તારી માફી માગું છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યનિષ્ઠા

શ્રી. ગોપાળ કૃષ્ણ ગોખલે આપણા દેશના એક મોટા દેશભક્ત થઈ ગયા. તે નિશાળમાં ભણતા હતા ત્યારની આ વાત છે :

એક દિવસ નિશાળના શિક્ષકે બધા છોકરાઓને ઘેરથી દાખલા ગણી લાવવા આપ્યા.

ઘેર જઈને ગોખલે દાખલા ગણવા બેઠા. તેમાંથી એક દાખલો કેમે કર્યો બેસે નહિ. છેવટે તેમણે તે દાખલો બીજા પાસે ગણાવી લીધો.

નિશાળમાં શિક્ષકે બધાના દાખલા તપાસ્યા. બેસો અધરો દાખલો એકલા ગોખલેનો જ ખરો હતો. તેથી શિક્ષકે તેમને પહેલે નંબરે જઈને બેસવા કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોખલે પહેલા નંબરે બેસવા જતાં અચકાયા અને ઊભા ઊભા રડવા લાગ્યા.

શિક્ષકે તેમને પૂછ્યું : "ગોપુ, કેમ રડે છે?"

ગોખલેએ કહ્યું : "એ દાખલો મેં ગણ્યો નથી! મને એ ન આવડ્યો, તેથી બીજાએ મને તે ગણી આપ્યો છે. એટલે હું પહેલો નંબર શી રીતે લઉં?"

૮

ઉદારતા

મહારાષ્ટ્રના પેશવા બાજીરાવ પહેલા અને નિઝામ-ઉલ-મુલ્ક વચ્ચે ગોદાવરીના કિનારા ઉપર લડાઈ થઈ.

લડાઈ લાંબો વખત ચાલી, એટલે મુસ્લિમ સેના પાસે અનાજ ખૂટી ગયું. તેમને ખાવાના સાંસા પડવા લાગ્યા. આ જોઈને નવાબે પોતાના દૂતની સાથે પેશવાને સંદેશો મોકલ્યો : "અમારી સેના ભૂખે ટળવળે છે. માટે અનાજ વગેરેની મદદ મોકલો તો સારું."

બાજીરાવે પોતાના સહાયકોને બોલાવી આ વાત કરી અને તેમની સલાહ માગી. સહાયકો બોલ્યા : "આપ નિઝામને એક દાણો પણ મોકલશો નહીં. આપણને જીતવાની આ સારી તક છે. ભૂખના ત્રાસથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેરાન પરેશાન થઈ જઈને આપણા દુશ્મનો હાર કબૂલ કરશે.''

બાજીરાવ આ સાંભળીને બોલ્યા : ''મિત્રો, સાચા સૈનિકો માટે એ બરાબર નથી. દુશ્મન બીમાર, ભૂખ્યો કે સૂતો હોય, ત્યારે દગો કરી તેનો નાશ ન કરવો જોઈએ. નવાબે જટલી માગણી કરી છે તેના કરતાં વધારે મોકલીને એમનું સન્માન કરવું જોઈએ.''

બાજીરાવે એ મુજબ નિઝામ-ઉલ-મુલ્કને સામગ્રી મોકલાવી. નિઝામ બાજીરાવની આવી ઉદારતા જોઈને મુગ્ધ બની ગયો અને તેણે તરત જ બાજીરાવ સાથે સંધિ કરી.

૯

પાત્રતા

એક વાર યુરોપમાં આવેલા ડેન્માર્ક અને સ્વીડન દેશ વચ્ચે લડાઈ ચાલતી હતી. રણમેદાન પર ડેન્માર્કના એક ગામનો એક સૈનિક થોડી ઘાયલ અવસ્થામાં પડ્યો હતો. લડાઈ બંધ પડી, એટલે તે ધીમે ધીમે છાવણીમાં જવા ઊઠ્યો. પરંતુ તેને તરસ લાગેલી હોવાથી તેણે પોતાની શીશીમાંથી થોડો દારૂ પીવાની શરૂઆત કરી; એવામાં દૂરથી એક ઘવાયેલા સ્વીડ સૈનિકનો કરુણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવાજ તેને સંભળાયો. એટલે તે તરત જ તેની પાસે દોડી ગયો.

ત્યાં જઈને તે પેલા ઘવાયેલા સ્વીડ સૈનિકને દારૂ પાવા વાંકો વળ્યો. એટલે પેલા કિન્નાખોર સ્વીડ સૈનિકે એના ખભામાં પિસ્તોલનો બાર કર્યો!

આ જોઈને પેલો ભલો ડેન સૈનિક બોલ્યો: "શાબાશ! હું તારું ભલું કરવા આવ્યો, ત્યારે તેં મને આવો બદલો આપ્યો, ખરું ને? હવે ઊભો રહે; હું પણ તને આની બરોબર સજા કરીશ. પહેલાં તને દારૂની આખી શીશી પાત, હવે તને અર્ધી જ શીશી મળશે!" એમ કહીને તેણે પોતે અર્ધી શીશી પીધી અને બાકીની પેલા સ્વીડ સૈનિકને આપી.

આ વાતની જાણ જ્યારે ડેન્માર્કના રાજા ત્રીજા ફ્રેડરિકને થઈ, ત્યારે તેણે પેલા ઉદાર-દિલ સૈનિકને બોલાવીને પૂછ્યું: "તેં પેલા હરામખોર સૈનિકને ત્યાં ને ત્યાં પૂરો કેમ ન કર્યો? એ તો એ જ લાગનો હતો!"

પેલા સૈનિકે કહ્યું: "નામદાર, ઘવાયેલા શત્રુને હું કદી પણ મારી ન શકું."

એ સાંભળીને ખુશ થઈ રાજા ફ્રેડરિક બોલ્યો: "ત્યારે તો તું અમીર થવાને લાયક છે." એમ કહીને રાજાએ તેને અમીરની પદવી આપી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

શરીરરક્ષા

શ્રી. દાદાભાઈ નવરોજી ભારતના 'દાદા' તરીકે જાણીતા છે. તેમની ૮૬મી વર્ષગાંઠનો આ પ્રસંગ છે.

ભારત દેશની ગુલામીની જંજીરોને તોડી નાખવા મથતા આ બુઝુર્ગ દાદાની ૮૬મી જયંતી હોવાથી, આખા દેશમાં સૌ કોઈ એ દિવસને હોંશભેર ઊજવતા હતા.

જયંતીની ઉજવણીના માનમાં એક મોટો મેળાવડો ગોઠવવામાં આવ્યો હતો. દાદા પણ તેમાં હાજર હતા. વાતચીત નીકળતાં 'સત્સંગ' નામના એક પત્રના તંત્રીએ દાદાને પૂછ્યું: "દાદા, આપ આટલા વૃદ્ધ હોવા છતાં હજી એક જુવાન જેટલા જ જોમવાન દેખાઓ છો. આપ શરીરનું આટલું સારું જતન કરવા કેવા નિયમો પાળો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છો, એ અમને કહો તો સારું. કારણ કે, અમે પણ એ પરથી થોડુંઘણું શીખીએ.''

દાદાભાઈ બોલ્યા : ''હું કદી દારૂ પીતો નથી; તમાકુ તથા માંસને કદી અડતો નથી; મસાલા કે અથાણાં કદી ખાતો નથી. વળી તમોગુણને ઉશ્કેરે એવી સંગતને તેમ જ આચારવિચારને મેં નાનપણથી તિલાંજલિ આપી છે.''

૧૧

સ્વાર્થ અને સેવા

વિનોબાજી નાના હતા ત્યારની આ વાત છે. વિનોબાજીની પડોશમાં એક બાઈ બીમાર હતી. એટલે વિનોબાજીનાં બા એ પડોશણને ત્યાં રસોઈ કરવા જતાં. બા પોતાને ત્યાંની રસોઈ વહેલી સવારે ઊઠીને કરી લેતાં. ઘરની રસોઈ કર્યા પછી તે પડોશણની રસોઈ કરવા જતાં.

આ જોઈને નાનકડા વિનોબાજીએ બાને કહ્યું : ''બા, તું કેટલી સ્વાર્થી છે! પહેલાં આપણા ઘરની રસોઈ કરે છે અને પછી જ બીજાના ઘરની!''

આ સાંભળીને બા બોલ્યાં : ''વિન્યા, તું કેટલો મૂરખ છે! પહેલાં પારકા ઘરની રસોઈ કરું તો વહેલી સવારે કરવી પડે અને એ લોકોને ટાઢું ખાવું પડે. ત્યાં મોડી જાઉં, તો જ એમને ગરમાગરમ રસોઈ મળેને!''

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

પુરુષાર્થ

ઈ. સ. ૧૯૦૮ની સાલની આ વાત છે. શ્રી. લોકમાન્ય તિલક તળેગામમાં આવેલા કાચના કારખાનાની તેમ જ શ્રી સમર્થ વિદ્યાલયની મુલાકાતે ગયા હતા. ત્યાં ઘણા વિદ્વાનો તેમને મળવા આવ્યા હતા. રાષ્ટ્રીય શિક્ષણ વિષે એ વિદ્વાનો અને લોકમાન્ય તિલક વચ્ચે વાતચીત થવા લાગી. વાતનો રસ જમતો જતો હતો. એવામાં લોકમાન્યને જવાનો વખત થયો; એટલે તે વાતચીતને સમેટવા લાગ્યા.

વિદ્વાનોને તો શિક્ષણ અંગેના લોકમાન્યના વિચારોમાં ખૂબ રસ પડવા લાગ્યો હતો; તેથી એક વિદ્વાને લોકમાન્યને કહ્યું : "આપ અમસ્તી ઉતાવળ કરો છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાડીને આવવાની તો હજી ઘણી વાર છે. ધારો કે, ગાડીનો વખત પણ થઈ જાય અને આપ અહીંથી જવા નીકળો, તોયે આપને સહેલાઈથી ગાડી મળશે. કારણ કે, ગાડી ઘણું કરીને દરરોજ મોડી હોય છે. આજ પણ હું ખાતરીથી કહું છું કે, ગાડી મોડી થશે. મારી વાતનો અનુભવ કરી જુઓ અને નિરાંતે આપની વાતચીત ચાલુ રાખો."

આ સાંભળીને લોકમાન્ય તિલક બોલ્યા : " ઋષિને પોતાનું રોજનું કર્તવ્યકર્મ ન ચૂકવા દેવા સારુ ચંદ્રસૂર્ય સુધ્ધાં થોભી જાય એમ તમે કહેવા માગો છો? એવી કથા ઉપર કેટલો વિશ્વાસ રાખવો એની ચર્ચા અત્યારે હું કરવા બેસતો નથી. પણ મારે માટે ગાડી મોડી થાય અને દૈવ મારા ઉપર ઉપકાર કરે, એ વાત જ મને માન્ય નથી. ગાડી વખતસર આવે કે મોડી આવે, તોપણ હું તો વખતસર જ સ્ટેશને જઈને બેસવાનો અને ગાડી પકડવાનો. હું પ્રયત્નવાદી છું. દૈવનો ઉપકાર મારે જોઈતો નથી!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩

સમયપાલન—૧

અમેરિકાના પ્રમુખ જ્યૉર્જ વૉશિંગ્ટન સમયપાલનને બહુ મહત્ત્વ આપતા. નક્કી કરેલા સમયમાં તે પોતાના કામ પર અચૂક હાજર હોય જ.

એક વાર તેમના મંત્રીને નિયમિત સમયે કામ ઉપર આવતાં બેએક દિવસ મોડું થયું. જ્યૉર્જ વૉશિંગ્ટનને આ બાબતની જાણ થયા વિના રહે ખરી? એટલે એ મંત્રીએ પોતાની ભૂલનો એકરાર કરતાં જ્યૉર્જ વૉશિંગ્ટનને કહ્યું: "સાહેબ, મારું ઘડિયાળ ધીમું પડી ગયું છે, તેથી મને સમયસર અહીં આવતાં બેએક દિવસથી મોડું થાય છે."

જ્યૉર્જ વૉશિંગ્ટને સ્વસ્થપણે કહ્યું: "આ પ્રમાણે અહીં ન ચાલે. કાં તો તમે નવું ઘડિયાળ વસાવો અથવા મને નવો મંત્રી શોધવા દો!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪

સમયપાલન – ૨

અમેરિકાના જાણીતા રાજકીય પુરુષ શ્રી. ઍડમ્સ કૉંગ્રેસમાં હંમેશ નિયમસર હાજર થતા. કૉંગ્રેસના હૉલની ઘડિયાળના ટકોરા પડે, ત્યારે એ અચૂક હાજર થતા દેખાય જ.

એક દિવસ કૉંગ્રેસની ઘડિયાળમાં, કામકાજ શરૂ થવાના સમયે, ટકોરા પડ્યા. પરંતુ શ્રી ઍડમ્સ આવતા દેખાયા નહીં !

એમને આજ મોડા પડેલા જોઈને બધા સભ્યો તેમની આતુરતાથી રાહ જોવા લાગ્યા. સૌને થયું કે, 'શ્રી ઍડમ્સ કદી મોડા પડતા નથી અને આજ એમ કેમ તે વખતસર આવ્યા નહીં ?'

એવામાં એક મિનિટ પછી શ્રી. ઍડમ્સ હૉલમાં દાખલ થયા ! તેમણે પોતાની ઘડિયાળ કાઢીને એક અમલદારને બતાવી અને તે પોતાના સ્થાને બેઠા.

સભાની બેઠક પૂરી થયા પછી પેલા અમલદારે સભા આગળ નિવેદન કર્યું કે, "તપાસ કરતાં જણાયું છે કે, કૉંગ્રેસની ઘડિયાળ એક મિનિટ આગળ ગઈ છે !"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫

ગુણજ્ઞતા

તિબેટની યાત્રા કરી આવેલા એક સાધુ એક વાર સ્વામી વિવેકાનંદ પાસે કહેવા લાગ્યા : "મેં ત્યાં એક વિચિત્ર સાધુનાં દર્શન કર્યાં. મેં નજરોનજર જોયું કે, તે સેવા કરવામાં પોતાની જાતને પણ ભૂલી જતો હતો અને પતરોગથી પીડાતા દરદીઓને તે માતાના જેવા વહાલથી ભેટી પડતો હતો! આવા ભયંકર રોગનો ચેપ તેને લાગશે, એનો તેને જરાયે ડર નહોતો. પરંતુ તેના ચારિત્રની બાબતમાં મને ત્યાંના એક માણસે બહુ બૂરી વાત કહી...."

એ સાધુ આગળ બોલવા જતા હતા, તેને વચ્ચેથી જ અટકાવીને સ્વામી વિવેકાનંદ ગળગળા અવાજે બોલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊઠ્યા : "તમે જેની વાત મને સંભળાવી રહ્યા છો, તેઓ ખરેખર મહાપુરુષ જ હોવા જોઈએ. એમ ન હોય તો દુઃખી અને રોગીઓની આવી ખરાબ દશા જોઈને એમનો પ્રાણ આટલો બધો શા માટે દુભાય? આપણે કેમ એવા રોગીઓની એટલી ધગશથી સેવા કરી શકતા નથી? તમે એમના ચારિત્ર વિષે કહો છો, એ તો આડીઅવળી વાત થઈ. નિંદાખોરો તો એવી નિંદા કર્યા જ કરે. એ ઉપર આપણે ધ્યાન ન આપવું જોઈએ. તમે જે નજરોનજર જોયું એ તો, ખરેખર, મહાપુરુષને શોભે એવું જ આચરણ છે."

૧૬

રાષ્ટ્રની મહાનતા

એક વાર ફ્રાન્સ દેશે હોલૅંડ દેશ પર ચઢાઈ કરી હતી. ખૂબ પ્રયત્ન કર્યા છતાં પણ ફ્રાન્સનું સૈન્ય હોલૅંડ પર જીત મેળવી શકયું નહીં.

આ વાતની ખબર જ્યારે ફ્રાન્સના રાજા ચૌદમા લૂઈને પડી, ત્યારે તેણે ગુસ્સે થઈને પોતાના મંત્રી કૉલ્વર્ટને કહ્યું: "આપણે આટલા શક્તિસંપન્ન છીએ અને આપણો દેશ આટલો મહાન છે, તોપણ આવા નાનકડા દેશને આપણે હરાવી શકયા નહીં, એ ખરેખર આપણે માટે નાલેશીભર્યું છે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સાંભળીને મંત્રી કૉલ્વર્ટે વિનયપૂર્વક કહ્યું: "રાજન્, કોઈ પણ દેશની મહાનતા તેની લંબાઈ પહોળાઈ પર કે ધનસંપત્તિ પર આધાર રાખતી નથી; પરંતુ તે દેશના નાગરિકોના ચારિત્ર્ય પર આધાર રાખે છે."

૧૭

ક્ષમા

રોમના સમ્રાટ સીઝર ઑગસ્ટસ સામે સિના નામના એક માણસે કાવતરું રચ્યું હતું. સીઝરનું કોઈ પણ હિસાબે ખૂન કરવાનું તેણે માથે લીધું હતું. પરંતુ સીઝરને એ કાવતરાની જાણ થઈ જતાં, સિનાને પકડીને કેદમાં પૂરવામાં આવ્યો.

હવે સિનાને કઈ ભારે સજા કરવી અને શી રીતે પોતાના દુશ્મનોને જેર કરવા તેના ઊંડા વિચારમાં સીઝર ઑગસ્ટસ બેઠો હતો. એવામાં તેની પત્ની રાણી લીવિયા ત્યાં આવી પહોંચી. પોતાના પતિને ખૂબ ચિંતાતુર બેઠેલા જોઈને તથા તેમની મૂંઝવણ પારખી લઈને રાણીએ કહ્યું: "સ્વામી, રોગ ઉપર એક ઔષધની અસર ન થાય, ત્યારે ઘણી વાર તેથી ઊલટા જ ગુણના ઔષધનો ઉપયોગ કરવામાં આવે છે. એ જ રીતે જો શિક્ષાથી કાવતરા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોરાને જડમૂળથી ઉખેડી ન શકાય એમ હોય, તો ક્ષમાનો આશરો લઈ જુઓ.''

રાણીનું માનીને સીઝરે સિનાને ક્ષમા આપી; તેથી સીઝરનો તે જિગરજાન દોસ્ત જ બની ગયો!

૧૮

સ્ત્રીનું સાચું ઝવેરાત

જૂના સમયની આ વાત છે. યુરોપમાં આવેલા રોમ દેશમાં કૉર્નેલિયા નામની એક બાઈ થઈ ગઈ. એક વાર તેને ત્યાં ખાનદાન તેમ જ ખૂબ શ્રીમંત કુટુંબની એક સ્ત્રી આવીને પોતાનાં ઘરેણાંગાંઠાં અને ઝવેરાતની બડાશ મારવા લાગી. પછી તેણે કૉર્નેલિયાને મગરૂરીમાં પૂછ્યું : ''તમારી પાસે ઝવેરાત કેવું છે એ તો જરા મને બતાવો?''

કૉર્નેલિયાએ કહ્યું : ''તમે જરા થોભો. મારા બે દીકરા નિશાળે ગયા છે. તેમને આવવા દો.''

થોડી વારમાં બે છોકરાઓ હસતા કૂદતા ઘેર આવ્યા અને માની આસપાસ વીંટળાઈ વળ્યા. એ બે વહાલા છોકરાઓને બતાવીને કૉર્નેલિયાએ પેલી ખૂબ પૈસાદાર બાઈને કહ્યું :—

''આ મારું ઝવેરાત છે; જુઓ!''

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯

'પરસ્ત્રી જેને માત રે'

સંત તુકારામ એ મહારાષ્ટ્રના એક જાણીતા મોટા સંત થઈ ગયા. એક વાર એક જુવાન સ્ત્રી મોહવશ થઈ એમની પાસે આવી હતી.

એ કામાસક્ત બાઈનું આવું અવિચારી વર્તન જોઈને સંત તુકારામે દુઃખી અવાજે તેને કહ્યું: "બાઈ, મારે મન તું મારી માતા સમાન છે. તારું આવું અનીતિમય વર્તન તને જરાય શોભતું નથી. ભગવાને તને રૂપ આપ્યું છે, તે શું બીજાને આમ ખોટે માર્ગે લઈ જવા માટે? બાઈ, તારા આ સુંદર શરીરનું અભિમાન વીસરી જઈ શ્રી વિઠ્ઠલની ભક્તિ કરીશ, તો આ સુંદર દેહ વધુ સારી રીતે દીપી ઊઠશે."

તુકારામના આ ઉપદેશથી પેલી બાઈ સન્માર્ગે વળી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦

જનનીનો હક

ગ્રીસ દેશમાં પૌસિનિયસ નામનો એક સૈનિક થઈ ગયો. તે છાની રીતે દેશના દુશ્મનોને અમુક બાતમી પહોંચાડવા તૈયાર થયો. પરંતુ એને લગતા પત્રો પકડાઈ ગયા; એટલે તેના આવા દેશદ્રોહી કૃત્ય માટે તેને પકડવા રાજ્યના સૈનિકો ગયા. લોકો પણ તેના આવા નીચ કૃત્ય વિષે સાંભળીને ઉશ્કેરાઈ ગયા અને તેને પકડવા તેની પાછળ પડ્યા.

સજાના ભયને લીધે ગભરાઈ ને પૌસિનિયસ પોતાનો જીવ બચાવવા એક દેવળમાં ભરાઈ ગયો અને તેણે અંદરથી બારણાં બંધ કરી દીધાં. તેથી લોકોએ બહારથી દેવળને ઘેરો ઘાલી દીધો.

તે ત્યાંથી નાસી ન જાય એટલા માટે લોકોએ તેને દેવળમાં જ જીવતો પૂરી દેવાનો નિશ્ચય જાહેર કર્યો.

એટલે દેવળનું બારણું બહારથી ચણી લેવા માટે લોકો પથરા ઉપાડીને લઈ આવવા તત્પર થઈ ગયા; ત્યારે પૌસેનિયસની વૃદ્ધ માતાએ જ પોતાની કૂખને લજાવનાર પોતાના આવા દ્રોહી પુત્રને સજા કરવા સૌથી પહેલો પથ્થર બારણા પાસે મૂક્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧
ભારતની કીર્તિ

ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર એક વાર ચીન અને જાપાનના પ્રવાસે ગયા હતા. ત્યાંના ઘણાખરા લોકો ભારત માટે ખૂબ ઊંચા ખ્યાલો ધરાવતા હતા. તેઓ ગુરુદેવને મુગ્ધ ભાવે કહેવા લાગ્યા કે, 'ભારત જેવી પવિત્ર ધર્મભૂમિમાં કોઈ કદી અસત્ય નહીં બોલતું હોય, કોઈ અણહકનું લેવા નહીં જ ચાહતું હોય; કોઈ કોઈને સતાવતું કે છેતરતું નહીં હોય; બધાં સૌનું ભલું ચાહતાં હશે!'

આ સાંભળીને ગુરુદેવની આંખોમાંથી હર્ષ સાથે શોકનાં આંસુ ટપકવા લાગ્યાં. પ્રાચીન ભારતની કેવી કીર્તિ છે! પણ તેઓ ગળગળા અવાજે બોલ્યા: "ભાઈ ઓ, તમે ધારો છો એવું ભારત આજે નથી! ત્યાં આવા બધાયે દોષો ઘર કરી બેઠા છે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨

દેશપ્રેમ

સ્વામી રામતીર્થ અમેરિકા જતા હતા, ત્યારે સ્ટીમરમાં તેમને એક વયોવૃદ્ધ અમેરિકન પ્રોફેસર સાથે મિત્રાચારી થઈ. તે વૃદ્ધ વિદ્વાનને ૧૧ ભાષા આવડતી હતી અને આટલી મોટી ઉંમરે તે રશિયન ભાષા શીખતા હતા. સ્ટીમર પર ઘણોખરો સમય તે એ ભાષા શીખવામાં ગાળતા હતા.

આ જોઈને સ્વામી રામતીર્થને ખૂબ નવાઈ લાગી. તેઓ તેમને કહેવા લાગ્યા : "તમે હવે ઘરડા થયા; મૃત્યુને બારણે આવીને ઊભા છો. આવી નકામી માથાકૂટ કરવાને બદલે તમે શાંતિથી ઈશ્વરનું સ્મરણ કરો તો સારું."

પેલા વૃદ્ધ પુરુષે નમ્રપણે કહ્યું : "તમારી વાત બરોબર છે. પરંતુ હું ભૂસ્તરવિદ્યાનો અધ્યાપક છું; અને રશિયન ભાષામાં એ વિદ્યા અંગે એક અદ્‌ભુત ગ્રંથ રચાયો છે. એટલે મને થયું કે, જો હું તેનું અમારી ભાષામાં ભાષાંતર કરું, તો મારા દેશને એથી ઘણો લાભ થાય એમ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩

રાજ્યકર્તાની ફરજ

જ્યારે ઈરાનના બાદશાહ નૌશેરવાનના જીવનની અંતિમ પળો ગણાતી હતી, ત્યારે તેણે પોતાના વારસદાર પુત્ર હરમઝને પોતાની પાસે બોલાવીને કહ્યું: "બેટા, તારી પોતાની સુખસગવડનો વિચાર કદી તું કરતો નહીં; પણ ગરીબ લોકોને શી રીતે રાહત મળે તેનો પહેલો વિચાર કરજે. ભરવાડ ઘેટાંને જેમ તેમ ચરતાં મૂકીને એક બાજુએ ઊંઘતા પડી રહેવાનું નથી, પણ તેણે તો ઘેટાંનું વરુથી રક્ષણ કરવાનું છે. રાજા પ્રજાને માટે જ છે; પ્રજા રાજાને માટે નથી. પ્રજા એ મૂળ છે અને રાજા એ ઝાડ છે. ઝાડ પોતાની બધી શક્તિ મૂળમાંથી જ લે છે."

૨૪

કુશળતાની કસોટી

ચીન દેશમાં પિયેન ચૂહ નામનો એક પ્રખ્યાત દાક્તર ઈ. સ. પૂર્વે પાંચમી સદીમાં થઈ ગયો. એક વાર તેના મિત્રો તેની કુશળતાનાં ખૂબ વખાણ કરતા હતા.

એ સાંભળીને પિયેન ચૂહ બોલ્યો: "મિત્રો, હું તો ત્રીજા દરજ્જામાં મૂકી શકાય એવો સાવ સામાન્ય દાક્તર છું!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મિત્રો તેની વાતનો વિરોધ કરતા બોલ્યા : "અરે, એવું તે કંઈ હોય?"

એટલે પિયેન ચૂહ બોલ્યો : "મારા મોટાભાઈ કોઈ પણ રોગ દેખા દે એ પહેલાં એને પારખી શકે છે અને એનો ઇલાજ કરી મટાડી દે છે. એટલે તે પહેલા દરજ્જાના દાક્તર કહી શકાય. પણ બીજા લોકોને એમ જ લાગે છે કે, તેણે દરદીની કશી ખાસ સારવાર કરી નથી! તેથી તેઓ તેમની આ અદ્‌ભુત શક્તિને ઓળખી જ શકતા નથી. એ કારણે તે લોકોમાં જાણીતા થયા નથી.

"મારા વચેટ ભાઈ દરદીમાં રોગનાં ચિહ્નો દેખાવાની શરૂઆત થાય તે વખતે જ તેની સારવાર કરીને રોગ મટાડી દે છે. તેથી તે બીજા દરજ્જાના દાક્તર કહી શકાય. તેમની આ શક્તિ પણ વખાણવા લાયક છે. પરંતુ લોકોને તો એમ જ લાગે છે કે, તે માત્ર નાનાં નાનાં દરદો જ સારાં કરે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જ્યારે મને ખૂબ કીર્તિ મળી છે, પરંતુ એનું કારણ જરા વિચારો. હું કોઈ પણ રોગ દેખા દે એ પહેલાં તેનું નિદાન કરી શકતો નથી; તેમ જ કોઈ રોગની શરૂઆત થતી હોય ત્યારે પણ તેને રોકવા શક્તિશાળી નથી. પરંતુ જ્યારે એ રોગ વધીને ગંભીર સ્થિતિએ પહોંચે છે, ત્યારે બહુ ભારે દવા આપીને કે ભયંકર વાઢકાપ કરીને હું દરદીને રોગમાંથી બચાવું છું!"

૨૫

કરુણા

શ્રી. પરચુરે શાસ્ત્રી એક સેવાભાવી કાર્યકર હતા. તેમણે તેમના જીવનને લોકોની સેવા માટે અર્પણ કરી દીધું હતું. પરંતુ દૈવયોગે તેમને અચાનક રક્તપિત્તનો રોગ લાગુ પડ્યો! તેથી તેમને કમને જનસેવાનું કામ છોડી દેવું પડ્યું.

મહાત્મા ગાંધીજીએ તેમને સેવાગ્રામ આવીને રહેવાનું કહ્યું. એટલે તે ત્યાં આવીને રહ્યા. ગાંધીજી રોજ પોતે તેમની સેવાચાકરી કરતા. તેઓ તેમને માલિસ કરી આપતા, તેમના ઘા ધોતા અને દવા ચોપડી આપતા.

એક દિવસ બાપુજી શ્રી. પરચુરે શાસ્ત્રીજીના ઘા ધોતા હતા ત્યારે એક ભાઈ આવ્યા. તેમણે બાપુજીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું: "બાપુ, પતના રોગની એક સરસ દવા છે. જીવતો નાગ પકડીને કોરી માટીની હાંડલીમાં તેને બંધ કરીને એ હાંડલીને ઉપરથી આગમાં ખૂબ તપાવવી. નાગ બળીને ખાખ થઈ જાય ત્યાં સુધી તપાવવી. આ ભસ્મથી ગમે તેવા કોઢનો રોગ મટી જાય."

આ સાંભળીને બાપુજી હસતા હસતા શાસ્ત્રીજીને પૂછવા લાગ્યા: "કેમ શાસ્ત્રીજી, આ પ્રયોગ કરવા તૈયાર છો કે?"

શાસ્ત્રીજી કરુણાભર્યા અવાજે બોલ્યા: "બાપુ, નાગને બદલે મને ભસ્મ કરી દેવામાં આવે તો શો વાંધો છે? બિચારા નાગે શો અપરાધ કર્યો છે કે એને જીવતો બાળી મૂકવામાં આવે!"

પછી થોડી વાર થોભીને આંખમાં ઝળઝળિયાં સાથે શ્રી. પરચુરે શાસ્ત્રી બોલ્યા: "ગયા જનમમાં મેં પાપ કર્યાં હશે, બીજાને સતાવ્યા હશે, એટલે એનું ફળ આજે હું ભોગવી રહ્યો છું! હવે જો આ જનમમાં પણ કોઈ નિરપરાધીને સતાવું, તો આવતા જનમમાં મારે કોણ જાણે શુંયે ભોગવવું પડે. કોઈ નિર્દોષ જીવને મારવાને બદલે બહેતર છે કે હું પોતે જ બળીને ખાખ થઈ જાઉં."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૬

સાચી સંપત્તિ

આશરે બેએક હજાર વર્ષ ઉપર દક્ષિણમાં થઈ ગયેલા તિરુ વલ્લુવરનું નામ તે પ્રદેશના લોકોના હૃદયમાં અમર થઈ ગયું છે. એમનું નામ આમ તો વલ્લુવર છે. તિરુ વલ્લુવર એટલે સંત વલ્લુવર.

તિરુ વલ્લુવર સંત કબીરની પેઠે વણકરનો ધંધો કરતા હતા. વણાટકામ કરીને પોતાનો નિર્વાહ ચલાવતા અને જીવનની સાધના પણ કરતા હતા. આસપાસના લોકોમાં તેમનું ખૂબ જ માન હતું.

તિરુ વલ્લુવર જે ગામમાં રહેતા હતા એની નજીકના ગામમાં તે ઘણી વાર પોતે વણેલું કાપડ વેચવા જતા. એક વાર એક શ્રીમંતનો સ્વચ્છંદી જુવાન છોકરો તે બજારમાં આવી ચડ્યો. તેની નજર એકાએક તિરુ વલ્લુવર પર પડી. તેમની લાંબી દાઢી અને શાંત ચહેરા પરથી તે સંત જેવા દેખાતા હતા. તેમની પાસે બે સાડી વેચવા માટે હતી. પેલા છોકરાએ કોઈને એમના વિષે પૂછ્યું. પેલા માણસે કહ્યું : "તે કંઈ મામૂલી વણકર નથી. લોકો તેમને મોટા સંત તરીકે માન આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહુ જ મધુર સ્વભાવના છે અને કદી ગુસ્સે થતા જ નથી.''

આ સાંભળીને પેલો છોકરો બોલ્યો : ''જોયા, જોયા એવા સંતને! કોઈ દિવસ ગુસ્સે જ ન થાય એવું કદી બનતું હશે? જરા જુઓને, હમણાં એમને કેવા ગુસ્સે કરું છું!'' એમ કહીને તે તિરુ વલ્લુવર પાસે ગયો. તિરુ વલ્લુવરે તેને મીઠાશથી બોલાવ્યો. છોકરાએ કહ્યું : ''મારે એક સાડી જોઈએ છે. એની શી કિંમત પડશે?''

તિરુ વલ્લુવરે કહ્યું : ''બે રૂપિયા.''

જુવાન છોકરાએ સાડી હાથમાં લીધી અને તેના બે કટકા કરી નાખ્યા. પછી તે બોલ્યો : ''મારે અધી સાડી જ જોઈએ. તેનું શું લેશો?''

તિરુ વલ્લુવરે શાંતિથી કહ્યું : ''એક રૂપિયો.''

એટલે પેલા છોકરાએ એક કટકાના બે ભાગ કરી નાખી એક કકડો બતાવી કહ્યું : ''મારે આટલો કકડો જ જોઈએ છે. એનું શું પડશે?''

તિરુ વલ્લુવરે એટલી જ શાંતિથી જવાબ આપ્યો : ''આઠ આના.''

એમને આમ શાંત જોઈને પેલો જુવાન છોકરો નવાઈ પામ્યો. તેને તો એમને કોઈ પણ હિસાબે ગુસ્સે કરવા હતા. એટલે તેણે તે સાડીના ઘણા ટુકડા કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખ્યા અને કિંમત પૂછવા કરી. તિરુ વલ્લુવર જરાયે ક્ષુબ્ધ થયા વિના તેને ઓછી કિંમત કહેતા ગયા. છેવટે પેલા છોકરાએ કહ્યું : "મારે હવે આ કકડા શા ખપમાં આવશે? મારે એ ન જોઈએ."

તિરુ વલ્લુવર બોલ્યા : "બેટા, તું સાચું જ કહે છે. આ કકડા કશા કામમાં આવી શકે એવા નથી."

પેલા જુવાન છોકરાને વિચાર આવ્યો, 'આ તો ભારે થઈ! ચડસાચડસીમાં મેં એમની સાડીના કકડે-કકડા કરી નાખ્યા.' તે પોતાના આવા કૃત્યથી બહુ શરમાઈ ગયો. તેણે જરા છોભીલા બની જઈ કહ્યું : "ના, ના, બાબા, એવું તે કંઈ બને? હું તમને સાડીની પૂરેપૂરી કિંમત આપી દઉં છું. લો આ બે રૂપિયા."

તિરુ વલ્લુવરે રૂપિયા લીધા નહીં અને કહ્યું : "હું આ કકડાને કોઈ પણ રીતે સાંધીને કામમાં લઈશ. તમને આ કકડા કશા કામમાં આવે એમ નથી. તો પછી હું તમારી પાસેથી તેની કિંમત શી રીતે લઉં?"

છોકરાએ કહ્યું : "મારી પાસે તો ઘણા રૂપિયા છે. મારે પૈસાની કશી પડી નથી. તમે ગરીબ છો. મેં તમારી સાડી નકામી કરી નાખી છે. એટલે મારે તેની નુકસાની ભરપાઈ કરવી જોઈએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તિરુ વલ્લુવર આ સાંભળીને જરા ગંભીર અવાજે બોલ્યા : "બેટા, શું તું આ નુકસાનની ભરપાઈ કરી શકશે? શું તું એમ સમજે છે કે, બે રૂપિયા આપવાથી નુકસાન ભરપાઈ થઈ જશે? કેટલાય ખેડૂતોની મહેનતથી કપાસ ઉત્પન્ન થયો. તેના રૂમાંથી મારી પત્નીએ સૂતર કાંત્યું. મેં તે સૂતરને રંગ્યું અને સાળ પર વણીને સાડી તૈયાર કરી. કોઈ એ સાડીને પહેરે, ત્યારે જ આ સૌની મહેનત સફળ થયેલી ગણાય અને અમને એથી આનંદ થાય. પરંતુ તેં એ સાડીને ફાડી નાખી અને તેના ટુકડેટુકડા કરી નાખ્યા. આટલા બધા લોકોની મહેનત નકામી ગઈ!"

તિરુ વલ્લુવરના આ શબ્દો સાંભળીને જુવાન છોકરાની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. તે તરત જ તિરુ વલ્લુવરના પગ આગળ નમી પડ્યો અને માફી માગવા લાગ્યો.

તિરુ વલ્લુવરે તેને પ્રેમથી ઉઠાડ્યો અને કહ્યું : "બેટા, જો હું બે રૂપિયાની લાલચમાં પડ્યો હોત, તો તારા જીવનના પણ આ સાડીની માફક બેહાલ થાત અને તે કશા કામમાં ન આવત. હવે તને બધું બરોબર સમજાયું છે. એટલે આવી ભૂલ તું કદી કરશે નહીં. એક સાડી બગડે તો બીજી સાડી બનાવી શકાય. પરંતુ જીવન ખરાબ થઈ જાય તો બીજું જીવન ક્યાંથી લાવી શકાય?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૭

શ્રમ અને શ્રીમંતાઈ

એક વાર રેલવે ગાડીમાંથી એક શ્રીમંત જુવાન બહુ થોડો સામાન લઈને ઊતર્યો અને મજૂર માટે બૂમો પાડવા લાગ્યો. એવામાં એક પુરુષ તેની પાસે આવ્યો અને તેનો સામાન ઉપાડીને તેની સાથે ચાલવા લાગ્યો.

મુકામે પહોંચી ગયા પછી પેલા જુવાને મજૂરી વિષે પૂછ્યું; એટલે પેલા પુરુષે કહ્યું : "ભાઈ, હું મજૂર નથી. મારું નામ ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર છે. તમારો સામાન એટલો ભારે ન હતો. એટલે એ લઈ આવવામાં મને ખાસ કશી તકલીફ પણ પડી નથી."

પેલો જુવાન તો બંગાળના પ્રસિદ્ધ પુરુષ શ્રી. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરને આમ પોતાનો સામાન ઉપાડીને આવેલા જોઈને આભો જ બની ગયો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮

અજાતશત્રુતા

એક વાર હજરત અલી સાહેબ મસ્જિદમાં નમાઝ પઢતા હતા. એવામાં એક માણસ ત્યાં આવ્યો અને મ્યાનમાંથી તલવાર કાઢીને હજરત અલી સાહેબને તે વડે ઘા કરી નાસવા લાગ્યો.

આસપાસ કેટલાક માણસો ઊભા હતા. તેઓએ એ માણસને નાસતો જોયો; એટલે તેઓ એને પકડવા એની પાછળ દોડ્યા.

તે લોકોએ પેલા ખૂનીને થોડા વખતમાં પકડી પાડ્યો અને તેને લઈને તેઓ હજરત અલી સાહેબ પાસે આવ્યા.

તે વખતે એક સેવક હજરત અલી સાહેબ માટે શરબતનો પ્યાલો લઈને ત્યાં આવ્યો.

હજરત અલી સાહેબે હાથથી ઇશારો કરીને ધીમે અવાજે કહ્યું : "ભાઈ, એ શરબતનો પ્યાલો મને તલવારનો ઘા કરનાર આ માણસને પહેલો આપો. ખૂબ દોડવાથી એ બાપડો થાકી ગયો છે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૯

સ્વ-પર-ભાવ !

બાપુજી સાબરમતી આશ્રમમાં રહેતા હતા, ત્યારે ઘણી વાર બાપુ અને તેમના સાથીઓની જરૂરિયાત કરતાં પણ વધારે ફળો બાપુને તેમના ચાહકો આપી જતા. એટલે બાપુ એ વધારાનાં ફળો માંદાં તેમ જ બાળકોને વહેંચી દેતા. ગૂજરાત વિદ્યાપીઠમાં ભણતાં બાળકો માટે પણ ફળો મોકલવામાં આવતાં હતાં. ફળોની વ્યવસ્થાનું કામ એક બહેનને સોંપવામાં આવ્યું હતું. પરંતુ એક વાર એ બહેને ફળો તરફ ધ્યાન ન આપ્યું. એટલે ફળો ખરાબ થવા લાગ્યાં. પેલાં બહેનને હવે શું કરવું એ સૂઝ્યું નહીં. તેમણે શ્રી. મહાદેવભાઈ દેસાઈ પાસે જઈને કહ્યું : "મહાદેવભાઈ, ફળો ઘણાં વધી ગયાં છે. વિદ્યાપીઠના રસોડે વિદ્યાર્થીઓ માટે એ મોકલી દઈએ તો ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. મહાદેવભાઈએ કહ્યું : "હા, હા, જરૂર. પણ ઘણાં ફળો શી રીતે ભેગાં થઈ ગયાં? તમે હજી ફળો ત્યાં નથી મોકલ્યાં કે શું? એ ફળો બગડી તો નથી ગયાં ને?"

પેલાં બહેનને મહાદેવભાઈની પૂછપરછ ગમી નહીં. તે બોલ્યાં : "એવું તે કંઈ હોય? ફળો ઠીક છે."

મહાદેવભાઈએ ફરી પૂછ્યું : "આપણાથી ખાઈ શકાય એવાં તો છે ને?"

બહેનથી બોલાઈ જવાયું : "આપણાથી ખાઈ શકાય એવાં નથી રહ્યાં! આજ જે ફળો આવ્યાં છે તેમાંનાં તાજાં ફળો મેં આપણે માટે બાજુએ રાખ્યાં છે."

એ સાંભળીને મહાદેવભાઈ અકળાઈ ગયા. તે જરા ગંભીર થઈ જઈ બોલ્યા : "જે વસ્તુ આપણે ખાઈ ન શકીએ, તે વિદ્યાપીઠનાં બાળકોને આપી શકાય જ કેમ? તમને આવો વિચાર કયાંથી આવ્યો? આવા પ્રસંગોએ જ, બાપુનું શિક્ષણ આપણે પચાવ્યું છે કે નહીં, એની ખરી કસોટી થાય છે. તમને ખબર છે જ કે, બાપુ હંમેશાં ઊતરતી વસ્તુ પોતાને માટે રાખી સારામાં સારી વસ્તુ બીજાને આપે છે. દરિદ્રનારાયણની સેવા કરનારને આ જ શોભે. સારી ચીજ બીજાને આપવાનો જે આનંદ છે, તે આપણે કેળવી લેવો, એમાં જ આપણી શોભા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વ-પર-ભાવ આપણને ન શોભે. હવે આ ખરાબ ફળો આપણા માટે રાખી મૂકો. આજે આપણે એનો જ ઉપયોગ કરીશું. અને જે તાજાં ફળો આવ્યાં છે તે હમણાં જ વિદ્યાપીઠનાં બાળકો માટે ત્યાં મોકલી આપો."

૩૦

સાચી પ્રભુભક્તિ

એક વાર મહાન સાધ્વી રાબિયાને કેટલાક માણસો મળવા આવ્યા. એમાંના એક જણે વાત પરથી વાત નીકળતાં કહ્યું : "મૈયા, અમે દિવસમાં પાંચેક વાર ખુદાની બંદગી કરીએ છીએ અને કુરાનેશરીફનો પાઠ કરીએ છીએ."

રાબિયાએ પૂછ્યું : "ભાઈ, ખુદાની બંદગી કરવા પાછળ તમારો શો હેતુ હોય છે?"

પેલા ભાઈએ કહ્યું : "ખુદાની બંદગી કરવા પાછળ બીજો શો હેતુ હોય? ખુદાનું નામ લઈએ તો નરકનાં દુઃખ ભોગવવાં ન પડે."

રાબિયાએ કહ્યું : "એ કારણ બરોબર ન કહેવાય."

પછી બીજા એક ભાઈને તેમણે પૂછ્યું : "બોલો ભાઈ, તમે શા માટે ખુદાની બંદગી કરો છો?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલા ભાઈ બોલ્યા : "હું તો ખુદાનું નામ સ્વર્ગનાં સુખ મેળવવા માટે લઉં છું. કુરાનેશરીફ વાંચતાં મને ખાતરી થઈ છે કે, ખુદાનું નામ લેનારને નરકનો ભય હોય જ નહીં; તેના નસીબમાં તો સ્વર્ગનાં સુખ જ ભોગવવાનાં હોય."

એ લોકોની વાતો સાંભળીને સાધ્વી મૈયા રાબિયા થોડી વાર આંખ મીંચીને શાંત બેસી રહ્યાં. પછી અંદરના ઊંડાણમાંથી બોલતાં હોય તેમ તે બોલ્યાં : "હું નાની હતી ત્યારે એક શેઠને ત્યાં ગુલામડી તરીકે કામ કરતી હતી. ત્યાં બીજા ગુલામો પણ હતા. તેમાંના કેટલાક ગુલામો, શેઠ ગુસ્સે થશે અને સજા કરશે, એ બીકના માર્યા કામ કરતા હતા; અને કેટલાક એમ માનતા હતા કે, જો આપણે બરોબર કામ કરીશું, તો આપણો માલિક આપણા પર ખુશ થશે. એવી લાલચના માર્યા તેઓ બરોબર કામ કરતા હતા. આ બંને પ્રકારના ગુલામો શેઠની હાજરીમાં બરોબર કામ કરતા હતા; પરંતુ જ્યારે શેઠ હાજર ન હોય ત્યારે કામચોરી કરતા હતા.

"ખુદા પણ આપણો સૌથી મોટો માલિક છે. તે આપણને નરકમાં નાખશે એવા ભયથી અથવા સ્વર્ગનાં સુખ આપશે એવી લાલચથી આપણે એની બંદગી ન કરવી જોઈએ. પરંતુ સર્વવ્યાપી ખુદાને યાદ કરતાં આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિલમાં પ્રેમની ભરતી આવવી જોઈએ; ખુદાને યાદ કર્યા વિના, તેના નામનું રટણ કર્યા વિના, આપણાથી એક ઘડી પણ ન રહેવાય એવી તાલાવેલી આપણામાં પેદા થવી જોઈએ. એનું નામ જ સાચી ભક્તિ છે.''

૩૧

સાધુનું લક્ષણ

એક વાર સંત ઇબ્રાહીમે એક સાધુને પૂછ્યું : ''બાબા, સાચા સાધુનું લક્ષણ શું છે?''

સાધુએ કહ્યું : ''મળે તો ખાય, ન મળે તો સંતોષ માને.''

સંત ઇબ્રાહીમ બોલ્યા : ''બાબા, એવું તો કૂતરાં પણ કરે છે.''

સાધુએ પૂછ્યું : ''ત્યારે તમે જ સાધુનું લક્ષણ બતાવો ને!''

સંત ઇબ્રાહીમ બોલ્યા : ''મળે તો વહેંચીને ખાય અને ન મળે તો ખુદાની મહેરબાની માનીને ખુશી થાય કે, રહેમદિલ ખુદાએ તેને તપસ્યા કરવાનો સારો અવસર આપ્યો.''

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૨

એકાગ્રતા

એક વાર ગુરુ નાનક સાહેબને સુલતાનપુરના નવાબે કહ્યું : "તમે હિંદુ હોવા છતાં મુસલમાન ધર્મની ઘણી વાતો કરો છો, તો આજે અમારી સાથે નમાજ પઢો."

નાનક સાહેબે કહ્યું : "ખુદાનું નામ લેવાનું હોય ત્યાં ના શા માટે પાડવી? હું ખુશીથી આવીશ."

ત્યાર પછી નવાબ, કાજી અને નાનક સાહેબ નમાજ પઢવા વરંડામાં ગયા. પરંતુ જ્યારે નવાબે અને કાજીએ નમાજ પઢવાની શરૂઆત કરી, ત્યારે નાનક સાહેબ ત્યાંથી ઊઠીને શાંત રીતે એક બાજુએ ઊભા રહ્યા!

નમાજ પૂરી થયા પછી નવાબે નાનક સાહેબનું આવું વિચિત્ર વર્તન જોઈને પૂછ્યું : "તમે કેમ નમાજ પઢવાને બદલે એક બાજુ પર જઈને ઊભા રહ્યા?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાનક સાહેબ શાંત ચિત્તે બોલ્યા : "હું તમારી સાથે નમાજ શી રીતે પઢી શકું ? તમે કાબૂલમાં ઘોડા ખરીદવા ફરતા હતા અને કાજી સાહેબના મનમાં એવી ચિંતા હતી કે, મારો વાછરડો ખીલેથી છૂટીને પાસેના કૂવામાં તો નહીં પડી જાયને ? ખુદામાં જેમનું મન એકાગ્ર થતું ન હોય એવા લોકો સાથે બોટી રીતે નમાજ પઢવાને બદલે એક બાજુએ ઊભા રહી પરવરદિગારને યાદ કરવાનું મને વધારે ગમ્યું."

૩૩

સચ્ચાઈ



મહાત્મા ટૉલ્સ્ટૉય એમ માનતા હતા કે, "બીજાની સાથે તેમ જ પોતાની જાતની સાથે જૂઠો વહેવાર કદી કરવો નહીં; સત્ય આપણને ગમે ત્યાં દોરી જાય તોપણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યથી કદી ડરવું નહીં.'' એવો પ્રસંગ તેમના જ જીવનમાં ઊભો થયો. તેમનાં લગ્ન સોફ્યા નામની એક કન્યા સાથે નક્કી થવાની વાત ચાલતી હતી. પરંતુ ટૉલ્સ્ટૉયને થયું કે, જેની સાથે પોતાનો જીવનભરનો સંબંધ થવાનો છે, તેનાથી પોતાનું આંતરિક જીવન શા માટે છાનું રાખવું જોઈએ? એટલે ટૉલ્સ્ટૉયે પોતાની નોંધપોથી સોફ્યાને આપીને કહ્યું : '' તમે પહેલાં મારી આ નોંધપોથી બરોબર વાંચી જાઓ. પછી તમે મારી સાથે લગ્ન કરવાનો વિચાર કરજો.''

એ નોંધપોથીમાં ટૉલ્સ્ટૉયે પોતાના ભૂતકાળના જીવનની સારી તેમ જ ખરાબ વાતો લખી હતી. પોતાના જીવનની બૂરામાં બૂરી વાતને તેમણે ખૂબ વિસ્તારથી લખી હતી અને પોતાનામાં કેવી મલિનતા ભરી છે તેનો આબેહૂબ ચિતાર રજૂ કર્યો હતો.

આમ તો ટૉલ્સ્ટૉય બહારની દુનિયામાં ખૂબ પ્રખ્યાત થયા હતા. એટલે તેમનું આંતરિક જીવન પણ ઉચ્ચ હશે એમ સોફ્યા માનતી હતી. પરંતુ આ નોંધપોથી વાંચતાં તો તે ચમકી જ ઊઠી.

સોફ્યા ટૉલ્સ્ટૉયની આ બધી સત્ય હકીકત વાંચી રહ્યા પછી રડી પડી. તેને થયું, 'આવો સત્યનિષ્ઠ પતિ મને મળ્યો એ જેવું મોટું ભાગ્ય મારું બીજું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યું હોય?' તે રાજીખુશીથી ટૉલ્સ્ટૉય સાથે પરણવા તૈયાર થઈ.

૩૪

ગુરુ-ઋણ

દુનિયામાં બધે જાણીતા થયેલા મહાન સિકંદર પોતાના પિતા કરતાં પોતાના ગુરુને વધારે માન આપતા હતા.

એક વાર તેમના એક મિત્રે સિકંદરને કહ્યું: "તમે તમારા ગુરુને જેટલું માન આપો છો એટલું તમારા પિતાને આપતા દેખાતા નથી. શું તમારા પર પિતાનું ઋણ કંઈ ઓછું છે? તો પછી તમે શા માટે તમારા ગુરુને આટલું બધું માન આપો છો? તમારા ગુરુએ તમને એવું તે શું આપ્યું છે?"

સિકંદરે ગંભીરપણે જવાબ આપ્યો: "પિતાએ મને જીવન આપ્યું; પણ જીવનને કેમ સાર્થક કરવું એ મને મારા પૂજ્ય ગુરુજીએ શીખવ્યું છે; એટલે તેઓ મારે મન વધારે માનને પાત્ર છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૫

ધન્યતા

ભગવાન ઈશુ ખ્રિસ્તનો પાવનકારી ઉપદેશ સાંભળવા ઘણાં સ્ત્રી-પુરુષો ભેગાં થતાં. તેમના ઉપદેશથી ઘણાંના જીવનમાં પરિવર્તન થવા લાગ્યું હતું.

એક વાર એક બાઈએ આવા દિવ્ય આત્માનાં દર્શન કરીને ધન્યતા અનુભવીને કહ્યું : "જેની કૂખે આવો પુત્ર જન્મ્યો છે અને જેની છાતીએ ધાવ્યો છે, તે માતા ખરેખર ધન્ય છે."

એ સાંભળીને ભગવાન ઈશુ ખ્રિસ્ત બોલ્યા : "પરંતુ જે મારાં વચનો સાંભળીને પોતાના હૃદયમાં ઉતારે છે, તે મારી માતાથીયે વધારે ધન્ય છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજશિક્ષણને લગતાં કેટલાંક પુસ્તકો

સ્વરાજ એટલે શું	ભગનભાઈ દેસાઈ	૦–૭–૦
આપણા દેશમાં આપણું રાજ્ય	,,	૦–૭–૦
આપણું પરમ યંત્ર	,,	૦–૬–૦
પ્રાચીન શીલકથાઓ	ગોપાળદાસ પટેલ	૦–૭–૦
વેર અને બદલો	,,	૦–૭–૦
વેર અને અવિચાર	,,	૦–૬–૦
બોધક ટીકડીઓ	મુકુલભાઈ કલાર્થી	૦-૧૨-૦
શીલ અને સદાચાર	,,	૦–૬–૦
મોટાં માણસોનાં મન	,,	૦–૯–૦
પચાસ પ્રેરક પ્રસંગો	,,	૦-૧૦-૦
ચીન દેશનાં કથાનકો	,,	૦-૧૦-૦
ભક્તરાજ	,,	૧–૦–૦
જાણવા જેવી વાતો	,,	૦–૬–૦
સંત-સમાગમ	,,	૦–૬–૦
જીવન અને મરણ	,,	૦–૬–૦

પ્રાપ્તિસ્થાન

નવજીવન કાર્યાલય

અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar